ગાંધીનગર સમાચાર
તા. ૨૦-૬-૨૦૧૫, શનિવાર

તંત્રી સ્થાનેથી....

અડવાણીનો ધ્રુજારો : કટોકટીની સંભાવના?

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના એક વર્ષના શાસનકાળમાં સૌથી મોટી ખામી રહી છે તે પાર્ટીના વરિષ્ટોની નારાજગી હવે ધીરે ધીરે બોલકું સ્વરુપ ધારણ કરી રહી છે. ભારતીય જનતા પાર્ટીના ભીષ્મ પિતામહ ગણાતા લાલકૃષ્ણ અડવાણી અને વરિષ્ઠ નેતા મુરલી મનોહર જોષી મોદી સરકારની તથા પાર્ટીની કામગીરી પ્રત્યે સંતુષ્ટ નથી એ તો સર્વવિદિત છે પરંતુ એમની ચુપકીદીને લોકો એમની લાચારી ન સમજે એની ખાતરી કરાવવા એ બેઉ કેટલાંક દેખીતી રીતે સરકાર અને પાર્ટી વિરોધી નિવેદનો કરવા લાગ્યા છે. લાલકૃષ્ણ અડવાણીએ દેશમાં જે પ્રકારે સત્તાનું ધ્રુવીકરણ થઇ રહ્યું છે. તે જોતાં ફરી એકવાર કટોકટી જેવી પરિસ્થિતિ સરજાઇ શકે છે, એવી આકરી ભવિષ્યવાણી કરીને એમનો અણગમો સ્પષ્ટ શબ્દોમાં વ્યક્ત કરી દીધો છે. અત્યારે દેશમાં ઇંદિરા ગાંધી જેવું એકહથ્થુ શાસન ચાલી રહ્યું છે, એ વિશે ભાગ્યે જ કોઇ અસહમત થશે. નરેન્દ્ર મોદી સર્વસત્તાધીશ બની ગયા છે અને તંત્ર એમનો પડયો બોલ ઝીલતું થઇ ગયું છે. પાર્ટી પર પણ આડકતરી રીતે મોદીનો જ કબજો છે. એમના વિશ્વાસુ સાથી અમિત શાહ પ્રમાણમાં ઘણા જ જુનિયર ઉપરાંત વિવાદાસ્પદ કાર્યકર્તા હોવા છતાં મોદીએ એમને જ પાર્ટીના સર્વોચ્ચ પદ પર નિયુક્ત કરાવીને પાર્ટી ખીસામાં જ મૂકી દીધી છે. નરેન્દ્ર મોદી ઉપરાંત એમનાં વિશ્વાસુ 'વકીલ' અરૂણ જેટલી અને અમિત શાહ આજના રાષ્ટ્રીય રાજકારણમાં કેન્દ્ર સ્થાને આવી ગયા છે. કેટલાકને આ 'તિકડી' દેશની લોકશાહી સામે મોટો ખતરો લાગી રહી છે. અડવાણી રાજકારણના જૂના જોગી તરીકે એમને જ પ્રસ્થાપિત કરેલ પટ્ટ શિષ્યનો આ ખેલ જોતા રહ્યા છે. પરિસ્થિતિ હવે એમના કાબૂ બહાર ચાલી ગઇ છે એટલે અંદરથી છૂપો ભય અનુભવી રહેલા વયોવૃદ્ધ નેતાના હૈયે હતું તે હોઠે આવી ગયું છે. એમનો ઇશારો સ્પષ્ટ છે. બનવાજોગ કે સરકાર તથા પાર્ટીના દબાણ હેઠળ અડવાણીને ભળતું જ નિવેદશન કરી પોતે આવું કશું કહેવા નહોતા માગતા, એવો ખુલાસો આપવાની ફરજ પડે. પરંતુ જે રીતે છેલ્લા એક વરસ દરમિયાન એમનો એકડો કાઢી નાખવાના પદ્ધતિસરના પ્રયાસો થયા છે, તે જોતાં એમને કરેલી 'મનની વાત' ઘણી સૂચક બની રહે છે. શરદ પવાર, નીતીશકુમાર અને બીજા વિપક્ષી નેતાઓએ અડવાણીની ચિંતાને વાજબી ગણાવી છે. આમ આદમી પાર્ટીના સર્વોચ્ચ નેતા અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે સંભવિત કટોકટીનો પહેલો ભોગ દિલ્હી સરકાર બની રહી હોવાનો આક્ષેપ કર્યો છે. બિહારની ચૂંટણી માથે છે ત્યારે અડવાણીએ બરાબર ગ્રહણ ટાણે જ સાપ કાઢીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીની મુસીબત વધારી મૂકી છે. જો કે એકી સાથે અનેક મોરચે લડી લેવાની આડવત ધરાવતા 'યોગી મોદી' સુષમા-વસુંધરા વિવાદ ઉપરાંત વરિષ્ઠોની નારાજગી સામે પણ ઝીંક ઝીલી જ લેશે, એ વિશે ભાગ્યે જ શંકા કરી શકાય એમ છે. રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘે અડવાણીની ચિંતાને નિરર્થક - બિનજરુરી ગણાવી છે, તે જ નિવેદન શું મોદીનો પ્રભાવ નથી દર્શાવતું?

સેક્ટર-૧૬ પ્રાથમિક શાળામાં પ્રવેશોત્સવ યોજાયો

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર શહેરના સેકટર૧૬માં આવેલી સરકારી પ્રાથમિક શાળામાં આજરોજ ગુડાના ચેરમેન શ્રી આશિષભાઇ દવેના હસ્તે ધોરણ૧ના બાળકોને શૈક્ષણિક કિટ્સ આપીને પ્રવેશવિધી સંપન્ન કરવામાં આવી હતી.

શાળામાં આવવું ગમે છે ?, રોજ સ્વચ્છ કપડા પહેરીને આવો છો ?, વાંચતા આવડે છે ? તેવા સરળ પ્રશ્નો કરીને બાળકો તેમના સાથે ખુલ્લા મને વાતચીત કરી શકે તે માટેનો સેતુ ગુડાના ચેરમેન શ્રી આશિષભાઇ દવે રચ્યો હતો. તેમણે બાળકોને અભ્યાસ શું કામ કરવો જરૂરી છે, તેની દષ્ટાંત પૂર્વક વાત કરી હતી. તેમજ ઉપસ્થિત સર્વે વાલીઓને બાળકો શાળામાં માત્ર ૬ કલાક જ હોય છે, પરંતુ ઘરે ૧૮ કલાક હોય છે, શાળામાંથી બાળક ઘરે આવે ત્યારે તેણે આજે શાળામાં શું અભ્યાસ કર્યો તે અંગે પુછવા ભાર પુર્વક જણાવ્યું હતું. તેમજ બાળકોને શાળામાં કંઇક નવું જાણવા મળે તો માબાપ સાથે તે અંગેની વાત કરવાની પણ સલાહ આપી હતી. શિક્ષકોને બાળકોમાં પડેલ સુષુઝ્ઝ શક્તિને જાણીને તેમને તે દિશામાં યોગ્ય માર્ગદર્શન અને પ્રોત્સાહન આપવા ભાર પૂર્વક જણાવ્યું હતું.

વધુમાં તેઓશ્રીએ જણાવ્યું હતું કે, રાજયમાં છેલ્લા ૧૨ વર્ષથી સતત શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવની ઉજવણી કરવામાં આવે છે. જેનાથી આજે સમગ્ર રાજયમાં ડ્રોપ આઉટ રેસીયો ઘટ્યો છે અને શિક્ષણ અંગેની જન જાગૃતિ આવી છે. તે ઉપરાંત તેમણે શિક્ષણ સંલગ્ન વિવિધ યોજનાઓની પણ વિસ્તૃત વાત કરી હતી.

ગુડાના ચેરમેન શ્રી આશિષભાઇ દવેના હસ્તે ધોરણ૩ થી ૭માં પ્રથમ ક્રમ મેળવનાર, ખેલ મહાકુંભમાં કુસ્તીની રમતમાં ગોલ્ડ અને સિલ્વર મેડલ મેળવનાર શાળાની બે વિદ્યાર્થીનીઓનું અને દાતાશ્રીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. તેમજ શાળાની એક વિદ્યાર્થીનીને વિદ્યાલક્ષ્મી બોન્ડ પણ આપવામાં આવ્યો હતો.

આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના ધોરણ૭ના વિદ્યાર્થી રાહુલ પટ્ટણી અને વર્ષા વાઘેલાએ કર્યું હતું. આભારવિધી શાળાના આચાર્ય શ્રી અરૂણભાઇ પટેલે કરી હતી.

આ પ્રસંગે શહેર ભાજપ પ્રમુખ શ્રી નિતીનભાઇ પટેલ, મહાનગરપાલિકાના કોર્પોરેટર શ્રી ગોંવિદભાઇ પરમાર, કૃષિ સેલ કન્વીનર શ્રી વિપુલભાઇ, ડાયેટના પ્રાચાર્ય શ્રી જોષી, મહાનગરપાલિકાના હાઉસ ટેક્ષ ઓફિસર શ્રી કૌશિકભાઇ સોની, સી.આર.સી શ્રી સ્મિતાબેન જાની સહિત મોટી સંખ્યામાં વાલીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

હરિની દષ્ટિ...

યોગ શિબિર કર્યા બાદ મને તો એવું લાગવા જ લાગ્યું છે કે 'અચ્છે દીન' આવી જ ગયા !!

GISFS યોગ દિવસ મનાવશે

૨૧મી જૂન વિશ્વ યોગમય બનશે ત્યારે ગાંધીનગરમાં પણ યોગ છવાઈ જશે. નવા સચિવાલય બ્લોક નં. ૫ના ભોંયતળિયે GISFS યુનિટના જવાનો યોગ દિવસ નિમિત્તે યોગાસનો કરશે. ૨૧ જૂન સવારે ૧૦ વાગે કાર્યક્રમ યોજાશે.

પ્રેરણા વિદ્યાલય યોગ દિવસ મનાવશે

સેકટર-૫ પ્રેરણા વિદ્યાલય દ્વારા વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવશે. ૨૧ જૂન સવારે ૬.૧૫ થી ૭.૩૦ કલાક દરમિયાન સેકટર-૫ બગીચા ખાતે યોગાસનો કરવામાં આવશે. જેમાં શાળાના વિદ્યાર્થીઓ અને સેકટરના વસાહતીઓ જોડાશે.

શહેર જાગૃત નાગરિક પરિષદ યોગ દિવસ મનાવશે

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદ અને વસંતકુંવરબા કન્યા વિદ્યાલય સે-૨૮ ખાતે સંયુકત રીતે યોગ દિવસ મનાવશે. શાળા સંકુલમાં પરિષદના સભ્યો તેમજ શાળાના વિદ્યાર્થીઓ, કર્મચારીઓ ૨૧મીએ સવારે ૭ વાગે યોગ પ્રાણાયામ કરશે. જેમાં અરવિંદ કેન્દ્રના યોગ ગુરુ રમણલાલ શ્રીમાળી વિવિધ યોગાસનોનું પ્રશિક્ષણ આપશે. નગરજનોને પણ જોડાવા આહવાન કરવામાં આવ્યું છે.

ગાંધીનગર ખાતે ઔષધીય વનસ્પતિઓની ખેતી અંગેનો ખેડૂત પરિસંવાદ યોજાયો

ગાંધીનગર, તા. ૧૯

ગુજરાત ઔષધીય વનસ્પતિ બોર્ડ, ગાંધીનગર દ્વારા બાગાયત ખાતાના સહયોગથી શ્રી એન. શ્રીવાસ્તવના અધ્યક્ષ સ્થાને બલરામ ભવન, ગાંધીનગર ખાતે તારીખ: ૧૮/૬/૧૫ના રોજ ૧૫૦ જેટલા અગ્રણી ખેડૂતોની ઉપસ્થિતિમાં ઔષધીય વનસ્પતિઓની ખેતી અંગે એક દિવસીય પરિસંવાદ યોજાઇ ગયો.

ગુજરાત રાજયમાં વિવિધ આબોહવા, એગ્રોક્લાઈમેટીક ઝોન, જમીનની વિવિધતાને કારણે જાતજાતની ઔષધીય વનસ્પતિઓની આધુનિક પદ્ધતિથી ખેડૂતો દ્વારા ખેતી કરવામાં આવે છે. વિશેષજ્ઞો દ્વારા કરેલ અભ્યાસના તારણ સ્વરૂપે જાણવા મળ્યું છે કે, આયુર્વેદનો વ્યાપ વધતા દેશ-પરદેશમાં ઔષધીય વનસ્પતિના કાચા દ્રવ્યોની માંગ વધી રહી છે. પરંતુ ખેડૂતોમાં પૂરતી જાણકારી ન હોવાના અભાવે ખેડૂતોને તેનુ યોગ્ય વળતર મળતુ નથી.

ખેડૂતોમાં જોવા માળતી આ સમસ્યા માટે બોર્ડ દ્વારા આયુર્વેદિક ફાર્મસીઓ પાસેથી કાચા દ્રવ્ય સ્વરૂપે કઇ કઇ ઔષધીય વનસ્પતિની કેટલી જરૂરીયાત છે તેની માહિતીઓ મંગાવવામાં આવી છે. આ માહિતી બોર્ડ પોતાની વેબસાઇટ પર મુકશે જેથી ખેડૂતોને ઔષધીય વનસ્પતિની જરૂરીયાતનો અંદાજ આવી શકે, તદ્ઉપરાંત જે ખેડૂતો પાસે ઔષધીય કાચો માલ ઉપલબ્ધ હોય તેઓ પણ પોતાની માહિતી બોર્ડને આપે તો તે માહિતી વેબસાઇટ દ્વારા લોકો સુધી પહોચાડી શકાય તેવી વ્યવસ્થા ઉભી કરવામાં આવશે.

ઉપસ્થિત તજજ્ઞો અને અગ્રણિ ખેડૂતો દ્વારા ઔષધીય વનસ્પતિની ખેતી કરતા ખેડૂતોને લોભામણી જાહેરાતોમાં ન ભરમાવા અને શક્ય હોય ત્યા સુધી જૂથ ખેતી કરવાની વાતને પ્રાધાન્ય આપવા જણાવાયું હતું. વિવિધ કંપનીઓ હવે અન્ય પાકોની જેમ ઔષધીય વનસ્પતિઓ માટે પણ ચોક્કસ ગુણવત્તા માટે વાર્ષિક કરાર કરતા હોય છે તો આવી કંપનીઓ સાથે જોડાણ કરી કૃષિક્ષેત્રે આગળ વધવાની સલાહ આપવામાં આવી હતી. કોઇ પણ નવા ઔષધીય પાકની ખેતી કરતા પહેલા વિષય નિષ્ણાતો, ગુજરાત ઔષધીય વનસ્પતિ બોર્ડ અને કૃષિ યુનિવર્સીટીઓનો સંપર્ક કરી સંપૂર્ણ માહિતી પ્રાપ્ત કર્યા બાદ જ ખેતી કરવી તે યોગ્ય છે, તેમ પણ તજજ્ઞો દ્વારા સૂચન કરાયું હતું. ઔષધીય વનસ્પતિઓના સંરક્ષણ અને લોકોમાં તેના ઉપયોગની જાગૃતતા કેળવાય તેવો અમૂલ્ય સંકલ્પ અધ્યક્ષશ્રી દ્વારા પરિસંવાદમાં ઉપસ્થિત ખેડૂતોને કરાવ્યો હતો.

શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ નિમિત્તે આજે ચિલ્ડ્રન યુનિવર્સીટી, ગાંધીનગરના વાઇસ ચાન્સેલર શ્રી દિવ્યાંશુ દવેના હસ્તે સેકટર ૨૧ પ્રાથિમક શાળાના ધોરણ૧ના બાળકોની પ્રવેશવિધી સંપન્ન કરવામાં આવી હતી. આ પ્રસંગે વાઇસ ચાન્સેલર શ્રી દિવ્યાંશુ દવેએ પ્રવેશ મેળવનાર એક બાળકીને તેડી લીધી હતી. તેની સાથે કાલી ગેલી ભાષામાં ભણી ગણીને શું બનીશ ?, તારા મમ્મી પપ્પાનું નામ શું છે? જેવા અનેક પ્રશ્નો કરીને બાળકની તેજસ્વીતાનું માપદંડ મેળવી લીધું હતું. દીકરી પણ તેમનામાં પ્રેમાળ સ્વભાવના કારણે મુક્ત મને વાત ચીત કરતી નજરે પડી હતી.

કર્મચારી ઉત્કર્ષ મંડળની સામાન્ય સભામાં કર્મચારીઓના પ્રશ્નોની ચર્ચા કરાઈ

ગાંધીનગર, તા.૧૯

ગુજરાત કર્મચારી ઉત્કર્ષ મંડળ ગાંધીનગરની સામાન્ય સભા યોજાઈ હતી. સભામાં મંડળને પુનઃ વેગવંતુ બનાવવા માટે હાકલ કરવામાં આવી હતી. સરકારના વિભાગોમાં ફરજ બજાવતા કર્ચમારીઓને મંડળમાં સમાવવા માટે જણાવાયુંહતું. સરકારમાં પછાત વર્ગના કર્મચારીને નડતરરૂપ સમસ્યાઓનુંસમાધાન લાવવા રજુઆત કરવા સહિતની ચર્ચા કરવામાં આવી હતી. તેમજ આગામી સામાન્ય સભા ૨૫ જૂનના રોજ સચિવાલય કેન્ટીન ખાતે બપોરે ૧.૩૦ કલાકે યોજવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

સ્ત્રીઓને સમાન અધિકાર માટે ગમે તેટલા કાયદા થાય.. હજુ પુરૂષોનું આધિપત્ય બરકરાર છે...

સમાજ ચિંતન
પોપટલાલ પ્રજાપતિ

સ્ત્રી સન્માન અને પુરુષોના આધિપત્યની ખેંચતાણ વચ્ચે ચર્ચાની શરુઆત કરીએ ઓશોના પ્રવચનમાં કહેવાયેલી એક વાર્તાથી... આખી સૃષ્ટિનું નિર્માણ કરી અંતે પરમાત્માએ મનુષ્યને બનાવ્યો. પણ તે એકલો હતો તેને એકલતા ડંખવા લાગી. તેણે સાત દિવસ પછી પરમાત્માને પ્રાર્થના કરી કે પ્રભુ, કોઇ સાથી આપો, હું એકલો રહી કંટાળ્યો છું. પરમાત્માએ આખી સૃષ્ટિનું નિર્માણ કરી દીધું હોવાથી હવે કોઇ સામાન તેમની પાસે બચ્યો ન હતો. તેમણે લાચારી વ્યક્ત કરી. મનુષ્ય ખુબ રડ્યો. ખુબ કાલાવાલા કર્યા. પ્રભુ, ગમે તે કરો હું એકલો ગાંડો થઇ જઇશ. ભગવાને સાંત્વના આપતાં કહ્યું, થોભી જા, હું રસ્તો કરું છું. પછી ભગવાને પશુ-પક્ષી, પહાડો, ઝરણા, ચાંદ, સુરજ, ફૂલો, નદીઓ દરેક પાસેથી થોડુંક થોડું માગ્યું. પહાડો પાસેથી અડગતા, ફૂલો પાસેથી કોમળતા, ચાંદ પાસેથી શીતળતા, પંખીઓ પાસેથી કલરવ, નદીઓ પાસેથી ચંચળતા, આમ દરેક પાસેથી થોડું થોડું માગી તેણે સ્ત્રીની રચના કરી તે પુરુષને સોંપી. પણ સાત દિવસ પછી માનવ પાછો આવ્યો, તેણે પરમાત્માને કહ્યું, પ્રભુ તમે શું મુસીબત આપી? હું તો માનતો હતો કે સાથ મળશે પણ આ તો ચોવીસે કલાક કચકચ કર્યા કરે છે. કોમળ છે, પ્રેમાળ છે, દયાળુ છે અને કઠોર પણ ખુબ છે. અત્યંત વિરોધાભાસી વ્યક્તિત્વ છે આ, હું તો તેની સાથે રહી ગભરાઇ ગયો છું. આના કરતાં હું એકલો સારો હતો. તમે આને પાછી લઇ લો. પરમાત્માએ સ્ત્રી પાછી લઇ લીધી. પણ સાત દિવસ પછી મનુષ્ય ફરી ભગવાન પાસે આવ્યો. પ્રભુ, તે ભલે ઉપદ્રવ કરે પણ મને તેના વગર નહિ ચાલે. મને એની ઘણી યાદ આવે છે મને તે પાછી આપો. તે રડવા લાગ્યો. પ્રભુ, આ કેવી વિટંબણા છે. નથી હું સ્ત્રી સાથે રહી શકતો કે નથી એના વગર રહી શકતો... પણ પછી પરમાત્માએ પીઠ ફેરવી લીધી. હવે આનો મારી પાસે કોઇ ઇલાજ નથી હવે તું જા, તારો ઉપાય તારી જાતે જ શોધી લે... અહિં વાર્તા પુરી થાય છે. પણ કદાચ પુરુષે ફરી ભગવાન પાસે ખુબ પ્રાર્થના કરી સ્ત્રી મેળવી હશે તેનો સ્વીકાર કરવાની ખાત્રી આપી હશે પણ પછી તેણે હોંશિયારી પૂરવક એવી સમાજ રચના કરી કે તેમાં પુરુષોનું વર્ચસ્વ કાયમ રહે. ૨૧મી સદીમાં પણ આ માનસિકતા હજુ પુરી ગઇ નથી... આપણા પુરુષપ્રધાન સમાજની એક ઝલક જોઇએ...

વાત છે ગાંધીનગર... ગુજરાતના કેપિટલની. જયા કાયદા ઘડાય અને આખુ ગુજરાત તેને અનુસરે. અહિં એક વેપારી ગણાતા સજ્જન રહે. જેને એક પત્ની હતી (કારણ કે હિન્દુમાં બે પત્નીનો રિવાજ જ નથી) બંનેનું દાંપત્યજીવન ખુબ સુખી હતું પણ લગ્નને પાંચ વર્ષ થવા છતાં ઘરે પારણું બંધાયું નહીં. પતિને વારસદારની ભુખ જાગી. મારો વંશવેલો અહિં જ પુરો થશે? ની ચિંતા સતાવા લાગી અને સગાસ્નેહીઓ સાથે ચર્ચા કરી તેણે બીજી પત્ની લાવવાનો વિચાર કર્યો, પોતાની પત્નીને સમજાવી, પટાવી લીધી, બિચારી પત્ની... કરે પણ શું? વિરોધ કરે તો છુટાછેડાની નોબત આવે, તેણે મન મક્કમ કરી પોતાના જ ઘરમાં શોક્ય લાવવા પતિને પરવાનગી આપી...અને પતિદેવ વાજતે ગાજતે બીજી પત્ની લઇ આવ્યા...

એક નિઃસંતાન પત્ની પુત્ર પ્રાપ્તિ માટે ક્યારેક બીજું લગ્નનું વિચારતી નથી જયારે એક પુરુષ કેવળ વારસદાર માટે એક પત્નીની હયાતીમાં જ બીજી પત્ની લાવવામાં જરાય ખચકાટ અનુભવતો નથી આ કડવું સત્ય છે. અને પત્ની આ અત્યાચાર ચુપચાપ સહન કરી લે છે. કોઇ પણ પત્ની પોતાની હયાતીમાં પોતાનો પતિ ઘરમાં જ પોતાની શોક્ય લાવે તો હરગીજ સાંખી ન લે પણ સ્ત્રીઓની લાચારી કે મજબુરીને સમજવાની દરકાર કોણ કરે છે? પરસ્પર સમજદારી અને લાગણીની ભૂમિકા પર દાંપત્યજીવનનો પાયો રચાય છે પણ ક્યાંક પુરુષોની એ માનિસકતા હોય છે કે 'સ્ત્રીઓને બહુ ખબર ન પડે' કૌટુંબિક બાબતોમાં કે વ્યવહારિક પ્રશ્નોમાં સંવાદ થતો હોય ત્યારે પુરુષોનો અવાજ હંમેશા બંધ કરી દેવી એ દરેક પરિવારમાં બનતી સ્વાભાવિક ઘટના છે. એક બ્રિટીશ અભ્યાસ મુજબ પુરુષ એ મહિલાઓની સરખામણીમાં ૧૧ વર્ષ પછી પરીપક્વ થાય છે. આ તારણ મુજબ સ્ત્રી ૧૯ વર્ષે પરીપક્વ થાય તો પુરુષ ૩૦ વર્ષે પરીપક્વ બને છે પણ પુરષ પોતે પત્નીથી વધારે સમજદાર છે એવી માન્યતા સાથે જ જિંદગી જીવતો હોય છે.

પુરુષ હંમેશા સ્ત્રી પર આધારિત હોય છે પોતાની પ્રત્યેક જરૂરિયાત માટે, પરિવારની સંભાળ માટે, બાળકોના જતન માટે, પોતાનો વંશવેલો વધારવા માટે, અને છતાંય પોતે સર્વશક્તિમાન છે એવા મિથ્યાભિમાનમાંથી તે બહાર આવી શકતો નથી.

કલોક તાલુકાના એક નાનકડા ગ્રામ્ય વિસ્તારની આ ઘટના છે. ત્રણ બાળકો સાથેનો એક પરિવાર આમ તો ખાધે પીધે સુખી હતો. સમય જતાં એક દુઃખદ ઘટના બની. સૌથી મોટો દીકરાની બંને કીડની ફેલ થઇ. પત્ની ઓછું ભણેલી હતી પણ કોઠાસુઝવાળી અને સમજદાર. તેને એટલી ખબર કે એક વ્યક્તિની કીડની બીજી વ્યક્તિને કામ લાગી શકે. તેણે દીકરાને પોતાની કીડની આપી જીવતદાન આપવાનું અને પુરી સારવાર કરાવવાનું પતિને સમજાવ્યું પણ પતિએ પત્નીને કહ્યું તને ખબર ના પડે, આમાં શું કરવું જોઇએ? અને તેણે મંત્રતંત્ર અને ભુવાનો સહારો લીધો. ભૂવાએ દાણા નાખી રીપોર્ટ આપ્યો કે તમારા દીકરાને કોઇએ મુઠ મારી છે. ખલાસ, પતિના મગજમાં આ વાત ફિક્સ થઇ ગઇ. તેણે દવા કરાવવાનું બાજુ પર રાખી બાધા-આખડી, ધૂપ દીવા શરુ કર્યા. પત્નીએ ઘણી કાલલુદી કરી પણ પતિનો એક જ જવાબ 'તને આમાં ખબર ન પડે.' સોનોગ્રાફી, બ્લડ રિપોર્ટ સ્પષ્ટ હતા પણ પતિ માનવા તૈયાર નહી. ભુવો જ તેના માટે એમ.ડી. અને સર્જન હતો. છેલ્લે દીકરાની તબિયત બગડતી ચાલી તેના શરીર પર ગરમી નીકળી ચકામા પડતા, મોંમાં ચાંદા પડી ગયા ત્યારે આ તો બળીયા બાળ પધાર્યા છે. તેમ કરી દવા બિલકુલ બંધ કરી દીધી અને ત્રીજા જ દિવસે બળીયાદેવે દીકરાને ઉઠાવી લીધો. પત્નીને વસવસો રહી ગયો પોતાના દીકરાને બચાવી ન સકી. તેણે ઘણું કલ્પાંત કર્યું પણ ગ્રામ્ય વિસ્તારમાં તો સ્ત્રીઓની વાત સાંભળે કોણ? કારણ કે અહિં પુરુષો રાજાપાટમાં હોય છે. પતિ કરતાં પત્ની વધારે ભણેલી હોય છતાં : 'તને ખબર ન પડે' ના વાક્યથી તેણે ટેવાવું જ પડે છે જો તેને સંસાર નિભાવો હોય તો... આ છે પતિ-પત્નીના સંબંધોનો એક્સ-રે રીપોર્ટ.

પતિ-પત્ની વચ્ચે એવો વિશિષ્ટ સંબંધ હોય છે જેનું સતત સંવર્ધન કરવું પડે. માવજત કરવી પડે. 'તને ખબર ન પડે' ની ભાવનાથી ફક્ત સંબંધ ટકી રહે તેમાં ઉષ્મા ન હોય, સંવેદનશીલતા ન હોય, તમારું લગ્નજીવન આદર્શ ન બની શકે તો કંઇ નહીં પણ બંને એકબીજાના થઇ ચુક્યા છો ત્યારે એકબીજાની ગેરહાજરી ખટકવા લાગે તેવી આત્મિયતા તો કેળવી શકો કે નહિં? પણ કેટલીક વાર એવું બને કે પત્નીની મહત્તા સમજાય અને તમે પ્રેમ વ્યક્ત કરવા માગો ત્યારે તમારા પ્રેમનો સ્વીકાર કરવા તે ખુદ હાજર ન હોય... ઘણા વિધુર પુરુષો પત્નીના મૃત્યુ પછી તેની યાદમાં આંસુ સારતા જોયા છે.. પણ કોણ જાણે આજના દાંપત્યજીવનને શું થઇ ગયું છે?

અંદર કશુંક બીજું, બહાર કશુંક બીજું
સાચે જ થઇ ગયું છે જીવન કશુંક બીજું

રાજેશ વ્યાસ 'મિસ્કીન' ની આ પંક્તિઓ આજના દાંપત્યજીવનને પણ લાગુ નથી પડતી?